આસોજ નજીક શિવાલય કંપનીના પ્લાન્ટમાંથી ક્વોરી ડસ્ટ ઊડતી હોવાનો ગ્રામજનોનો આક્ષેપ

સાવલી-વડોદરા રોડ પર ક્વોરી ડસ્ટનો કહેર, આસોજના ગ્રામજનોમાં ભારે રોષ

શિવાલય કંપનીના પ્લાન્ટમાંથી ઊડતી ધૂળથી વાહનચાલકો પરેશાન, જાગૃત નાગરિકે તંત્ર પાસે કરી કાર્યવાહીની માંગ

(પ્રતિનિધિ) વડોદરા, તા.13

વડોદરા જિલ્લાના સાવલી-વડોદરા મુખ્ય માર્ગ પર આસોજ ગામ નજીક ક્વોરી ડસ્ટ ઊડવાનો મામલો દિવસેને દિવસે ગંભીર બનતો જઈ રહ્યો છે. શિવાલય કંપનીના પ્લાન્ટમાંથી સતત ધૂળના રજકણો ઊડતા હોવાનો ગ્રામજનોએ ગંભીર આક્ષેપ કર્યો છે.

ગ્રામજનોના જણાવ્યા અનુસાર, પ્લાન્ટમાંથી ઊડતી ઝીણી ધૂળના કારણે આખા વિસ્તારમાં ધૂળની ચાદર છવાઈ જાય છે. રોડ પર વિઝિબિલિટી ઘટી જતા વાહનચાલકોને ભારે હાલાકી ભોગવવી પડે છે અને અકસ્માતો પણ સર્જાય છે. આ મામલે એક જાગૃત નાગરિકે પણ મોરચો માંડ્યો છે. તેમણે જણાવ્યું હતું કે, ક્વોરી પ્લાન્ટ દ્વારા પ્રદૂષણ નિયંત્રણના કોઈ નિયમોનું પાલન કરવામાં આવતું નથી અને પોલ્યુશન કંટ્રોલ બોર્ડ પણ આંખ આડા કાન કરી રહ્યું છે. તંત્રની કામગીરી સામે સવાલો ઉઠાવતા તેમણે તાત્કાલિક સ્થળ તપાસ કરી કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે. સ્થાનિકે ધારાસભ્યનું નામ લીધા વિના કહ્યું કે, રજૂઆતો છતાં કોઈ કાર્યવાહી થતી નથી. જો તાત્કાલિક ધોરણે ધૂળના રજકણો અટકાવવામાં નહીં આવે તો ગાંધી ચીંધ્યા માર્ગે ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

દશેરા પર્વ માટે રાવણનાં પૂતળાંનું વેચાણ શરૂ

■ દશેરા પર્વને હવે ગણતરીના દિવસો બાકી રહેતાં વડોદરામાં તૈયારીઓ શરૂ થઇ ગઇ છે. શહેરમાં ફાયર બ્રિગેડ પાછળની ફૂટપાથ પર રાવણ, કુંભકર્ણ અને મેઘનાદનાં રંગબેરંગી પૂતળાં વેચાણ માટે મૂકવામાં આવ્યાં છે. 2 ફૂટથી લઈને 30 ફૂટ સુધીનાં પૂતળાં ખરીદી માટે ઉપલબ્ધ છે. કદ અને સજાવટ પ્રમાણે રૂ. 2,200થી રૂ. 30,000 સુધીની કિંમતનાં આ પૂતળાં સોસાયટીઓ અને સાર્વજનિક મંડળો માટે આકર્ષણ બન્યાં છે.

મૃતક નવસારી જિલ્લાના ગણદેવીનો રહેવાસી

ખાનગી યુનિ.માં ગરબા રમતાં રમતાં ૨૧ વર્ષીય વિદ્યાર્થી ઢળી પડ્યો, સારવાર બાદ મોત

(પ્રતિનિધિ) વડોદરા, તા.13

વડોદરા જિલ્લાના વાઘોડિયા તાલુકામાં આવેલી ખાનગી યુનિવર્સિટીના ગરબા ગ્રાઉન્ડમાં ગરબા રમતી વખતે 21 વર્ષીય વિદ્યાર્થી અચાનક ઢળી પડતાં તેનું મોત નીપજ્યું હતું. યુનિવર્સિટીમાં કોમ્પ્યુટર સાયન્સનો અભ્યાસ કરતા અથર્વ રાજેશકુમાર રાઠોડને તાત્કાલિક સારવાર માટે પારૂલ સેવાશ્રમ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો, જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. નવરાત્રીના માહોલમાં યુવાન વિદ્યાર્થીના અચાનક મોતથી શોકની લાગણી ફેલાઈ હતી.

મળતી માહિતી મુજબ, મૂળ નવસારી જિલ્લાના ગણદેવીની શાંતિનિકેતન સોસાયટીનો રહેવાસી અથર્વ રાઠોડ હાલ વાઘોડિયા વિસ્તારમાં સહજાનંદ કોમ્પ્લેક્સ, માઢોધર રોડ ખાતે રહેતો હતો. તા. 11 ઓક્ટોબર, 2026ના રોજ પારૂલ યુનિવર્સિટીના કેમ્પસમાં આવેલા ગરબા ગ્રાઉન્ડમાં તે ગરબા રમી રહ્યો હતો. દરમિયાન અચાનક તેની તબિયત લથડતાં તે ઢળી પડ્યો હતો. ત્યારબાદ તેને સારવાર અર્થે પારૂલ સેવાશ્રમ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જોકે, તા. 12 ઓક્ટોબરના રોજ વહેલી સવારે 1:24 વાગ્યે તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. આ બનાવ અંગે વાઘોડિયા પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. વિદ્યાર્થીના મોતનું ચોક્કસ કારણ જાણવા માટે તપાસ હાથ ધરવામાં આવી છે.

ભાદરવા ટાઉનમાં ગરબા જોવા ગયેલો ૮ વર્ષનો બાળક મળી આવતા હાસકારો

(પ્રતિનિધિ) વડોદરા, તા.13

ભાદરવા ટાઉનમાં મિત્રો સાથે ગરબા જોવા જવાનું કહી ઘરેથી નીકળેલો આઠ વર્ષનો બાળક મોડી રાત સુધી પરત ન ફરતાં પરિવારજનો ચિંતામાં મુકાયા હતા. આ અંગે માતા-પિતા પોલીસનો સંપર્ક કરતાં ભાદરવા પોલીસે ઘટનાની ગંભીરતા સમજી તાત્કાલિક ચાર અલગ-અલગ ટીમો બનાવી બાળકની શોધખોળ શરૂ કરી હતી. પોલીસની તપાસના અંતે રાત્રે 2:35 વાગ્યે બાળક ભાદરવા ટાઉનમાંથી મળી આવતાં માતા-પિતાએ રાહતનો શ્વાસ લીધો હતો. ભાદરવા ટાઉનમાં મિત્રો સાથે ગરબા જોવા જવાનું કહી ઘરેથી નીકળેલો આઠ વર્ષનો બાળક રાત્રે 9 વાગ્યે મિત્રો સાથે ગરબા જોવા જવાનું કહી ઘરેથી નીકળ્યો હતો. જોકે, મોડી રાત થવા છતાં તે ઘરે પરત ન ફરતાં માતા-પિતાએ પોલીસને જાણ કરી હતી. બનાવની ગંભીરતાને ધ્યાનમાં રાખીને પીઆઈ બારોટે પોસઈ સરવૈયા, હેડ કોન્સ્ટેબલ મયુરસિંહ, હરવતસિંહ સહિતના પોલીસકર્મીઓ અને શી ટીમની મદદથી ચાર અલગ-અલગ ટીમો બનાવી હતી. એક ટીમે બાળકના ફોટા સાથે નાસ્તા-ચા-પાણીની હોટલો પર તપાસ કરી હતી. જ્યારે બીજી ટીમે ગરબાનાં સ્થળોએ, ત્રીજી ટીમે અવાવરું જગ્યાઓએ અને ચોથી ટીમે બાળકના મિત્રો તથા સગાં-સંબંધીઓનાં ઘરે તપાસ હાથ ધરી હતી. પોલીસની સતત શોધખોળ દરમિયાન રાત્રે 2:35 વાગ્યે પ્રથમ ઉર્ફે કાનો મળી આવતાં તેને તેની માતા ગાયત્રીબેન અને પિતા ગણપતભાઈને સોંપવામાં આવ્યો હતો.

જિલ્લા કલેક્ટરો મારફતે રાજ્યપાલને પાઠવાયું આવેદનપત્ર

માહિતી અધિકારીઓનાં નામ-હોદ્દા અને સંપર્ક જાહેર કરવા લોક અધિકાર મંચની માગ

સરકારી કચેરીઓમાં પારદર્શિતા વધારવા અને ખાનગી શાળાઓની કામગીરી સુધારવા રજૂઆત

(પ્રતિનિધિ) વડોદરા, તા.13

ગુજરાત રાજ્યની સરકારી તથા જાહેર સંસ્થાઓમાં વધી રહેલા કથિત ગેરવહીવટ અને કાયદાના ઉલ્લંઘન સામે 'લોક અધિકાર મંચ ભારત' દ્વારા વિરોધનો સૂર ઉઠાવવામાં આવ્યો છે. સંગઠનના આગેવાન મહેશ સોલંકીની આગેવાની હેઠળ સામાજિક કાર્યકરોએ એકત્ર થઈને રાજ્યના તમામ જિલ્લા કલેક્ટરો મારફતે ગુજરાતના રાજ્યપાલને સંબોધતું એક વિસ્તૃત આવેદનપત્ર પાઠવ્યું હતું. આ આવેદનપત્રમાં માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫, ગુજરાત જાહેર સેવા કાયદો તેમજ શિક્ષણના અધિકાર અધિનિયમ-૨૦૦૯ હેઠળ નાગરિકોના હક્કોનું રક્ષણ થાય અને પારદર્શિતા જળવાઈ રહે તે માટે કડક આદેશો આપવાની માગણી કરવામાં આવી છે. સામાજિક કાર્યકરો દ્વારા રજૂઆત કરવામાં આવી છે કે રાજ્યની વિવિધ સરકારી કચેરીઓ અને જાહેર સેવા સત્તા મંડળોમાં પારદર્શિતાનો અભાવ જોવા મળી રહ્યો છે. નાગરિકોને પોતાના અધિકારો અને સરકારી પ્રક્રિયાઓની સરળ માહિતી મળી રહે તે માટે દરેક જાહેર સંસ્થા કે કચેરીમાં માહિતી અધિકારીઓનું નામ, હોદ્દો, ફોન નંબર, કચેરીનું સરનામું, બેઠક વ્યવસ્થા અને ઈમેઈલ સરનામું સ્પષ્ટપણે દર્શાવતા જાહેર માહિતી બોર્ડ મૂકવા અનિવાર્ય છે. આ ઉપરાંત, કચેરીઓમાં આવતી માહિતી અધિકાર અરજીઓનો યોગ્ય નિકાલ થાય તે માટે સરકારના નિયમો મુજબ નિયમિત રીતે વિવિધ રજિસ્ટરો તૈયાર કરવા અને તેની યોગ્ય જાળવણી થાય તે સુનિશ્ચિત કરવા બાબતે પણ આવેદનપત્રમાં ખાસ ભાર મૂકવામાં આવ્યો હતો.

વડોદરા જિલ્લાની શિક્ષિકાને એજ્યુકેશન ગ્લોરી એવોર્ડ એનાયત

શંકરપુરા પ્રા.શાળાની શિક્ષિકાને પર્યાવરણ અને શિક્ષણ ક્ષેત્રે કરેલી ઉત્કૃષ્ટ કામગીરી બદલ સન્માનિત કરાયા

(પ્રતિનિધિ) વડોદરા, તા.13

વડોદરા જિલ્લાના શંકરપુરા પ્રાથમિક શાળાના શિક્ષિકા પરમાર અલકાબેન જેઠાભાઈનું નેશનલ એજ્યુકેશન ગ્લોરી એવોર્ડ થી વિશેષ સન્માન કરવામાં આવ્યું છે. શિક્ષિકાને પર્યાવરણ અને શિક્ષણ ક્ષેત્રે કરેલી ઉત્કૃષ્ટ કામગીરી બદલ સન્માનિત કરાયા હતા.

શિક્ષણ અને સમાજ સેવા ક્ષેત્રે કાર્યરત જાણીતી સંસ્થા બાલરક્ષક પ્રતિષ્ઠાન દ્વારા આણંદના ભાનુભાઈ આઈ. પટેલ એલિકોન હોલ ખાતે એવોર્ડ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. સંસ્થાના અધ્યક્ષ મનોજ ચિંચોરે અને સેક્રેટરી નરેશ વાઘના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ સમારોહમાં શિક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદાન આપનાર શ્રેષ્ઠ શિક્ષકોનું બહુમાન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અલકાબેન પરમારને પર્યાવરણ અને શિક્ષણ ક્ષેત્રે કરેલી ઉત્કૃષ્ટ અને સરાહનીય કામગીરી બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા.

યૂको बैंक UCO BANK (भारत सरकार का उपक्रम) (A Govt. of India Undertaking)
सम्मान आपके विश्वास का Honours Your Trust

આજવા રોડ શાખા : અરૂણોદય કોમ્પ્લેક્ષ, દુધેશ્વર કોમ્પ્લેક્ષ પાસે, વડોદરા-૩૯૦૦૧૯.
ફોન : ૦૨૬૫-૨૫૧૨૧૩૧, ઈમેલ : ajward@bank.co.in

પઝેશન નોટિસ

કલમ ૧૩(૪) હેઠળ (સ્થાવર મિલકત માટે)
(નિયમ ૮(૧) હેઠળ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨)

આથી, નીચે સહી કરનાર **યુકો બેંક**ના અધિકૃત અધિકારીશ્રીએ સિક્યોરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ સિકયોરીટી ઈન્ટરેસ્ટ અધિનિયમ, ૨૦૦૨ (૫૪ ઓફ ૨૦૦૨) (ત્યાર બાદ અધિનિયમ તરીકે ઓળખવામાં આવનાર) તથા કલમ ૧૩(૨)ની સત્તા સાથેસિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૩ સહિત અંતર્ગત **તા. ૦૨.૦૭.૨૦૨૧**ના રોજ કરજદારો **મે. સાલાસર મેટલ્સ (કરજદારનું ફર્મ), શ્રી યશુ બી. જિંદલ (કરજદાર)** ને ડીમાન્ડ નોટીસ જારી કરીને **રૂા. ૨,૫૪,૩૧,૨૦૮.૪૮/- (રૂા. બે કરોડ ચોપણ લાખ એકત્રીસ હજાર બસો આઠ અને અડતાલીસ પૈસા પુરા)** (તા. ૩૦.૦૬.૨૦૨૬ ના રોજ થી મુદ્દલ ચડત વ્યાજનું પ્રતિનિધિત્વ કરે છે.) તા. ૨૮.૦૭.૨૦૨૬ના રોજ થી ચડત વ્યાજ, લીગલ ચાર્જીસ, અન્ય ચાર્જીસ અને આનુંસગિક ખર્ચાઓ સાથે નોટીસ મળ્યાના ૬૦ દિવસમાં ચુકવવા જણાવવામાં આવ્યું હતું.

ઉધારકર્તા/જામીનદારોને ઉપરોક્ત સંપૂર્ણ રકમ ચુકવવામાં કસુરવાર થતાં આથી ઉધારકર્તા તથા જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે અધિનિયમ ની કલમ ૧૩ (૪)ના ઉક્ત નિયમો હેઠળના નિયમ ૮ અને ૯ અંતર્ગત મળેલ સત્તાની રૂએ નીચે સહી કરનારે **તા. ૦૯.૧૦.૨૦૨૬** ના રોજ નીચે જણાવેલ મિલકતનો **કબજો** લઈ લીધો છે.

ઉધારકર્તાને વિશેષ રૂપથી તથા જાહેર જનતાને આથી સદરહુ મિલકત અંગે કોઈપણ જાતનો વ્યવહાર ન કરવાની ચેતવણી આપવામાં આવે છે. સદરહુ મિલકત અંગે કરેલો કોઈપણ વ્યવહાર **યુકો બેંક**ની રકમ **રૂા. ૨,૫૪,૩૧,૨૦૮.૪૮/- (રૂા. બે કરોડ ચોપણ લાખ એકત્રીસ હજાર બસો આઠ અને અડતાલીસ પૈસા પુરા)** ચડત વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથેના બોજા સહિત રહેશે.

અહીં ઉધારકર્તાઓનું ધ્યાન આકરુષ્ટ કરવામાં આવે છે તે જણાવેલ સમય મર્યાદામાં સેકસન ૧૩ના સબ સેક્શન (૮) હેઠળ તમો તમારી સુરક્ષિત મિલકતના બાકી લ્હેણાં ભરપાઈ કરી પાછી મેળવી શકો છો.

સ્થાવર મિલકતનું વર્ણન

જે જમીનનો રેવન્યુ સર્વે નં. ૪૬૧ પૈકી, રેવન્યુ સર્વે નં. ૧૬૧૩/પી, ૧૬૧૪/પી, વાઘોડીયા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ પૈકી, પ્લોટ નં. ૧૨૦૧ અને ૧૨૦૨ પૈકી, પ્લોટનો ક્ષેત્રફળ ૨૦૦૦ સ્કે.મીટર, શેડનો ક્ષેત્રફળ ૧૨૮૦ સ્કે.મીટર, ઓફિસની બિલ્ડીંગનો ક્ષેત્રફળ ૩૨૦ સ્કે.મીટર મોજે – વાઘોડીયા, તાલુકા જિ. વડોદરા, સબ જિ. વાઘોડિયા, રજી. ડિસ્ટ્રીકટ વડોદાર આતે આવેલ સ્થાવર મિલકત.

ચતુરસીમા :
● **પુર્વે** : ૧૪ મીટરનો પહોળો રસ્તો ● **પશ્ચિમે** : ૧૪ મીટરનો પહોળો રસ્તો
● **ઉત્તરે** : પ્લોટ નં. ૧૨૦૩–૧૨૦૪ ● **દક્ષિણે** : ૩૦ મીટરનો પહોળો રસ્તો

તારીખ : ૦૯.૧૦.૨૦૨૬
સ્થળ : વડોદરા (વિવાદીત સ્થિતી અંગ્રેજી જાહેર ખબર માન્ય રહેશે.)

સહી/-
અધિકૃત અધિકારી,
યુકો બેંક

આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ

(અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલીનીકરણ પામેલ અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)
CIN: L65110TN2014PLC07792
રજિસ્ટર્ડ ઓફિસ: KRM ટાવર્સ, 8મો માળ, હેરિંગ્ટન રોડ, ચેતપેટ, ચેન્નઈ-600031.
ટેલ: +91 44 4564 4000 | ફેક્સ: +91 44 4564 4022

IDFC FIRST Bank

નાણાકીય અસ્ક્યામતોનું સુરક્ષીકરણ અને પુનઃરચના અને સુરક્ષા હિતની અમલવારી અધિનિયમ, 2002ની કલમ 13 (2) હેઠળની નોટિસ

નીચે જણાવેલ ઉધાર લેનારાઓ અને સહ-ઉધાર લેનારાઓએ આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલીનીકરણ પામેલ અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે) પાસેથી નીચે દર્શાવેલ સુરક્ષિત લોન મેળવી હતી. નીચે જણાવેલ ઉધાર લેનારાઓ અને સહ-ઉધાર લેનારાઓની લોન તેમની સંબંધિત મિલકતોના મોર્ગેજ દ્વારા સુરક્ષિત કરવામાં આવી છે. તેઓ સંબંધિત લોન કરારોની નિયમો અને શરતોનું પાલન કરવામાં નિષ્ફળ ગયા હોવાથી અને અનિયમિત બન્યા હોવાથી RBIની માર્ગદર્શિકા મુજબ તેમની લોનને NPA તરીકે વર્ગીકૃત કરવામાં આવી હતી. આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલીનીકરણ પામેલ અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે) પ્રત્યે તેમની બાકી રકમ નીચેના કોષ્ટકમાં વધુ વિગતવાર વર્ણવેલ સંબંધિત નોટિસમાં જણાવ્યા મુજબ છે અને સદર રકમ પર આગળનું વ્યાજ પણ લાગુ થશે અને સંબંધિત તારીખોથી કરારની દર મુજબ વસૂલવામાં આવશે.

ક્રમ નં.	લોન એકાઉન્ટ નંબર	લોનનો પ્રકાર	ઉધાર લેનારાઓ અને સહ-ઉધાર લેનારાઓના નામ	કલમ 13 (2) નોટિસ તારીખ	કલમ 13 (2) નોટિસ મુજબ બાકી રકમ
	48644832	પ્રોપર્ટી સામે લોન	1. મેહુલ રબારી 2. ગૌરંગભાઈ રબારી 3. કમુબેન રબારી 4. શાંતિલાલ રબારી	07.09.2026	INR 3,53,295.21/-
મિલકતનું સરનામું: પ્રોપર્ટી નંબર 1/93/2 નો તમામ ટુકડો અને પાર્સલ, મિલકત વિસ્તાર 734.10 ચોરસ ફૂટ, રાઠોડ વાસ પાસે, દૂધ ડેરીની નજીક, વ્યારા ખાતે, તાલુકો: વાઘોડિયા, જિલ્લો: વડોદરા, ગુજરાત-391760, અને આ રીતે સીમાઓ: પૂર્વમાં: મંસુરી વાલીભાઈ કાશમનું ઘર, પશ્ચિમમાં: રણછોડભાઈ કુલાભાઈ રબારીનું ઘર, ઉત્તરમાં: રસ્તો, દક્ષિણમાં: ભાવદાસ મંદિર					
2	108395100	પ્રોપર્ટી સામે લોન	1. બારિયા શશિકાંતભાઈ 2. બારિયા સુકાભાઈ	23.09.2026	INR 5,03,567.76/-
મિલકતનું સરનામું: ગામતળ પ્રોપર્ટી નંબર 85નો તમામ ટુકડો અને પાર્સલ, વિસ્તાર 92.00 ચોરસ મીટર અને બિલ્ટ-અપ વિસ્તાર 61.33 ચોરસ મીટર, ભાથીજી મંદિર ફળિયું ખાતે સ્થિત, ગામ: ગાયડિયા, પોસ્ટ: ઘોડા (બોરતળાવ), તાલુકો: સંખેડા, જિલ્લો: છોટાઉદેપુર, ગુજરાત-391145, અને આ રીતે સીમાઓ: પૂર્વમાં: વિરેન્દ્રભાઈ દશરથભાઈનું ઘર, પશ્ચિમમાં: સંજયભાઈ મધુભાઈનું ઘર, ઉત્તરમાં: ગણપતભાઈ રવિશંકરનું ઘર, દક્ષિણમાં: R.C.C. રોડ					

આથી તમને આ પ્રકાશનની તારીખથી 60 દિવસની અંદર ઉપરોક્ત કોષ્ટકમાં દર્શાવ્યા મુજબ કોન્ટ્રાક્ટ્ડ રેટ ઓફ ઇન્ટરેસ્ટ સાથે આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલીનીકરણ પામેલ અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)ને બાકી રકમ ચૂકવવા માટે કહેવામાં આવે છે, અન્યથા નીચે હસ્તાક્ષરકર્તા SARFAESI એક્ટની કલમ 13 (4) અને કલમ 14 હેઠળ ઉપરોક્ત ઉલ્લેખિત મોર્ગેજ કરેલી મિલકતો પર આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલીનીકરણ પામેલ અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)ને બાકી રકમ વસૂલવા માટે કાર્યવાહી શરૂ કરવાની ફરજ પડશે. વધુમાં, સદર એક્ટની કલમ 13 (13) હેઠળ વેચાણ/ભાડાપટા અથવા અન્યથા દ્વારા સદર સુરક્ષિત અસ્ક્યામતોનું હસ્તાંતરણ કરવાથી તમને પ્રતિબંધિત કરવામાં આવ્યા છે.

સહી/- અધિકૃત અધિકારી
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
(અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલીનીકરણ પામેલ અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)

તારીખ : 14.10.2026
સ્થળ : વડોદરા, ગુજરાત

કાગળ પર ૨૪ મીટર અને જમીન પર ૧૭ મીટર

વડોદરાના બાજવા-છાણી રોડના કામમાં મોટો ખેલ, સ્થાનિકોમાં આક્રોષ

(પ્રતિનિધિ) વડોદરા, તા.13

વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરના વિકાસ અર્થે કરોડો રૂપિયાના ખર્ચે રોડ-રસ્તાના કામો હાથ ધરવામાં આવી રહ્યા છે, પરંતુ આ કામગીરીમાં તંત્ર અને કોન્ટ્રાક્ટરોની મિલીભગત તેમજ બેદરકારી સામે અવારનવાર પ્રશ્નો ઉભા થતા હોય છે. આવો જ એક કથિત ભ્રષ્ટાચાર અને લોલમલોલનો કિસ્સો બાજવા-છાણી રોડ પરથી સામે આવ્યો છે, જ્યાં સ્થાનિક નાગરિકોની વર્ષો જૂની માંગ બાદ મંજૂર થયેલા રોડના નિર્માણમાં મોટી અનિયમિતતા આચરવામાં આવી રહી હોવાનો સ્થાનિક યુવાનોએ ગંભીર આક્ષેપ કર્યો છે.

મળતી વિગતો અનુસાર, બાજવા-છાણી વિસ્તારમાં રહેતા નાગરિકોની છેલ્લા ૫૦ વર્ષથી આરસીસી રોડ બનાવવાની માંગણી હતી. આ લાંબા સમયની રજૂઆતો બાદ વડોદરા મહાનગરપાલિકા દ્વારા આશરે રૂ. ૧૭ કરોડના વિરાટ ખર્ચે ૨૪ મીટર પહોળો આરસીસી રોડ મંજૂર કરવામાં આવ્યો હતો અને તેની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જોકે, કામગીરી દરમિયાન બાજવા ગામના સ્થાનિક યુવાનોનું ધ્યાન જતાં તેઓએ સ્થળ પર જઈને ચકાસણી કરી હતી. સ્થાનિકોની તપાસમાં સામે આવ્યું કે પ્લાનિંગ મુજબ ૨૪ મીટરનો રોડ બનાવવાનો હતો, પરંતુ તેના બદલે સ્થળ પર માત્ર ૧૭ મીટરનો જ રોડ બનાવવામાં આવી રહ્યો છે.

ડેસરના ઉદલપુર ક્વોરી વિસ્તારમાં 100 કિલોનો મહાકાય કાચબો દેખાતાં કુતૂહલ

ડેસર તાલુકાના ઉદલપુર ગામના ક્વોરી વિસ્તારમાં આશરે 100 કિલો વજનનો મહાકાય કાચબો દેખાતાં લોકોમાં ભારે કુતૂહલ ફેલાયું હતું. મહાલક્ષ્મી પેટ્રોલ પંપ નજીક જાહેર માર્ગ પર આ કાચબો આવી ચડતાં તેને જોવા માટે લોકોનાં ટોળેટોળાં ઉમટી પડ્યાં હતાં. મળતી માહિતી મુજબ, ક્વોરી વિસ્તારમાં આવેલી મોટી માઈન્સમાંથી બહાર આવેલો આ મહાકાય કાચબો રસ્તા પર જોવા મળતાં ગ્રામજનોમાં આશ્ચર્ય ફેલાયું હતું.

હીરો હાઉસીંગ ફાઇનાન્સ લિમિટેડ

રજિ. ઓફિસ: 09, કોમ્યુનિટી સેન્ટર, બસંત લોક, વસંત વિહાર, નવી દિલ્હી - 110057,
ફોન: 011 49267000, ટોલ ફ્રી નંબર: 1800 212 8800, ઈમેલ: customer.care@herohf.com,
વેબસાઈટ: www.herohousingfinance.com | CIN: U65192DL2016PLC30148
સંપર્ક સરનામું: - ઓફિસ નં. 408, સિદ્ધાર્થ કોમ્પ્લેક્સ, એક્સપ્રેસ હોટેલ પાસે, આર સી દત્તા રોડ, અલકાપુરી, વડોદરા, ગુજરાત - 390007.

કબજાની નોટિસ (સ્થાવર મિલકત માટે)

(સુરક્ષા હિત અમલીકરણ નિયમો, 2002ના નિયમ 8(1) સાથે વંચાણે લીધેલ પરિશિષ્ટ IV મુજબ) આથી, નીચે સહી કરનાર હીરો હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારી તરીકે, ફાઇનાન્શિયલ એસેટ્સની સિક્યોરિટાઇઝેશન અને રીકન્સ્ટ્રકશન અને સિક્યોરિટી ઇન્ટરેસ્ટની જપ્તી અધિનિયમ, 2002 અને સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, 2002ના નિયમ 3 સાથે વંચાણમાં લેવાયેલ કલમ 13(12) હેઠળ પ્રદાન કરવામાં આવેલી સત્તાઓની રૂએ, ઉલ્લેખિત ઉધાર લેનારાઓને સદર નોટિસ મળ્યા તારીખથી 60 દિવસની અંદર નોટિસમાં ઉલ્લેખિત રકમ ચૂકવી દેવા માટે નીચે મુજબની માંગણીની નોટિસો જારી કરી હતી. ધિરાણકર્તા રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયા હોવાથી, ધિરાણકર્તાને ખાસ કરીને અને સામાન્ય જનતાને આથી નોટિસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનારે ઉક્ત અધિનિયમની કલમ 13(4) હેઠળ તેમને આપવામાં આવેલી સત્તાઓનો ઉપયોગ કરીને, ઉક્ત નિયમોના નિયમ 8 સાથે વંચાણે લીધેલ, આથી નીચે વર્ણવેલ મિલકતનો કબજો લીધેલ છે. ધિરાણકર્તાને, ખાસ કરીને અને સામાન્ય જનતાને, આથી ચેતવણી આપવામાં આવે છે કે મિલકત સાથે કોઈ વ્યવહાર કરવો નહીં અને મિલકત સાથેનો કોઈપણ વ્યવહાર હીરો હાઉસીંગ ફાઇનાન્સ લિમિટેડના ચાર્જ હેઠળ રહેશે, જે નીચે દર્શાવેલ રકમ માટે છે અને તેની સાથે તે તારીખથી વ્યાજ અને દંડ વ્યાજ, ખર્ચ વગેરે પણ રહેશે. સુરક્ષિત અસતોને છોડાવવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં, ધિરાણકર્તાનું ધ્યાન અધિનિયમની કલમ 13ની પેટા-કલમ (8)ની જોગવાઈઓ તરફ દોરવામાં આવે છે.

લોન એકાઉન્ટ નં.	ધિરાણકર્તા(ઓ)નું નામ / કાયદેસર વારસદાર(ઓ) / કાયદેસર પ્રતિનિધિ(ઓ)	માંગણી નોટિસની તારીખ / માંગણી નોટિસ મુજબની રકમ	કબજાની તારીખ (રચનાત્મક / ભૌતિક)
HHFVADLAP 20000008883	મિશ્રા દીપક, સુષ્મા દીપક મિશ્રા	14-05-2026, Rs. 1552765/- 14-May-2026ના રોજથી બાકી	10.10.2026 (ભૌતિક)

સુરક્ષિત એસેટ/સ્થાવર મિલકતોનું વર્ણન: કોમર્શિયલ પ્રોપર્ટીના તમામ તે ભાગ અને પાર્સલ એટલે કે ઉડા લે-આઉટ શોપ નં. F.f.-07 મુજબ અને સ્થળ/સ્થાનની સ્થિતિ મુજબ શોપ નં. F.f.-05 પ્રથમ માળે ટાવર Aમાં જેનું માપ આશરે 345 ચો. ફૂટ બાંધકામ વિસ્તાર સુપર બિલ્ટ અપ એરિયા આશરે 231.00 ચો. ફૂટ અને સામાન્ય વ્યવસાય માટેનો અવિભાજ્ય હિસ્સો 86.40 ચો. ફૂટ છે, જે એક્ઝિક્યુટર દ્વારા તમને "અંબે રેસિડેન્સી" માં વેચવામાં આવી છે, જે જમીન R. S. નં. 2 બ્લોક નં. 2ના T. P. સ્કીમ નં. 1 વેમાલી (વુડા)ના F. P. નં. 137ના વેમાલી ગામની સીમમાં, ડિસ્ટ્રિક્ટ અને સબ ડિસ્ટ્રિક્ટ વડોદરા, ગુજરાત રાજ્યમાં આવેલી છે. ટાઈટલ ડોક્યુમેન્ટમાં લખેલી સામાન્ય સુવિધાઓ સાથે. મિલકતની ચાર દિશાઓ: પૂર્વ: 18 મીટરનો રોડ, પશ્ચિમ: અંબે રેસિડેન્સી ફ્લેટ નં. A-101, ઉત્તર: અંબે રેસિડેન્સી શોપ નં. F.F.-04, દક્ષિણ: અંબે રેસિડેન્સી શોપ નં. F.F.-06.

તારીખ: - 14.10.2026
સ્થળ: - વડોદરા

સહી/- અધિકૃત અધિકારી
હીરો હાઉસીંગ ફાઇનાન્સ લિમિટેડ માટે

બીજો પ્રયત્ન -: વિદ્યાસહાયક(ધો.૧ થી ૮)/શિક્ષણસહાયક(ધો.૯ થી ૧૨)(દિવ્યાંગ) જોઈએ છે :-

આદિજાતિ વિકાસ વિભાગ, ગુજરાત સરકાર અનુદાનિત અને સંસ્થાશ્રી. ગ્રામ સેવા સમાજ વ્યારા. સંચાલિત નીચે દર્શાવ્યા મુજબની આશ્રમશાળા/ઉ.બુ.આશ્રમશાળા, ઉ.ઉ.બુ. આશ્રમશાળાઓમાં દિવ્યાંગજનોની ખાસ ભરતી ઝુંબેશ અંતર્ગત વિદ્યા સહાયકો(ધો.૧ થી ૮) / શિક્ષણ સહાયકો(ધો.૯ થી ૧૨)ની જગ્યા પર દિવ્યાંગજનોની સીધી ભરતી માટે પ્રાયોજના વહીવટદારશ્રી સોનગઢ, જિ. તાપી દ્વારા તેઓના પત્ર ક્રમાંકઃ(૧) ક્રમાંકઃપી/એ.આશા/NOC/વશી/૨૦૨૬-૨૭/૪૯૦૫થી ૪૯૩૫, તા.૦૭/૦૮/૨૦૨૬થી "ના વાંધા પ્રમાણપત્ર" આપવામાં આવેલ છે, જે અન્વયે ગુજરાતી માધ્યમના વિદ્યા સહાયકો(ધો.૧ થી ૮) / શિક્ષણ સહાયકો(ધો.૯ થી ૧૨)ની જગ્યા પર દિવ્યાંગજનોની ભરતી કરવાની છેઃ

ક્રમ	આશ્રમશાળા/ઉ.બુ.આશ્રમશાળા/ઉ.ઉ.બુ. આશ્રમશાળાનું નામ (ગામ, તા., જી. સહિત)	ધોરણ	જગ્યાનું નામ	વિષય	રોસ્ટર ક્રમ	ભરવાપાત્ર કેટેગરી	લાયકાત	જગ્યાઓ
૧	આ.શા. ચુનાવાડી, તા.ડોલવણ, જિ.તાપી	૧ થી ૫	વિદ્યા સહાયક (ધો.૧ થી ૫)	તમામ	૧	દિવ્યાંગજન (કેટેગરી-A)	શિક્ષણ વિભાગની પ્રવર્તમાન જોગવાઇઓ મુજબ + ટેટ-૧	૦૧ / સંખ્યાધિક
૨	આ.શા. ઝાંખરી, તા. વ્યારા, જિ. તાપી	૧ થી ૫	વિદ્યા સહાયક (ધો.૧ થી ૫)	તમામ	૧	દિવ્યાંગજન (કેટેગરી-A)	શિક્ષણ વિભાગની પ્રવર્તમાન જોગવાઇઓ મુજબ + ટેટ-૧	૦૧ / સંખ્યાધિક
૩	આ.શા. કરંજવેલ, તા. વ્યારા, જિ. તાપી	૧ થી ૫	વિદ્યા સહાયક (ધો.૧ થી ૫)	તમામ	૧	દિવ્યાંગજન (કેટેગરી-A)	શિક્ષણ વિભાગની પ્રવર્તમાન જોગવાઇઓ મુજબ + ટેટ-૧	૦૧
૪	આ.શા. કલમકુઇ, તા. ડોલવણ, જિ. તાપી	૧ થી ૫	વિદ્યા સહાયક (ધો.૧ થી ૫)	તમામ	૧	દિવ્યાંગજન (કેટેગરી-A)	શિક્ષણ વિભાગની પ્રવર્તમાન જોગવાઇઓ મુજબ + ટેટ-૧	૦૧
૫	આ.શા. ખુટાડીયા, તા. વ્યારા, જિ. તાપી	૬ થી ૮	વિદ્યા સહાયક (ધો. ૬ થી ૮)	અંગ્રેજી, હિંદી, સંસ્કૃત	૧	દિવ્યાંગજન (કેટેગરી-A)	શિક્ષણ વિભાગની પ્રવર્તમાન જોગવાઈઓ મુજબ + ટેટ-૨	૦૧
૬	આ.શા. પંચોલ, તા. ડોલવણ, જિ. તાપી	૧ થી ૫	વિદ્યા સહાયક (ધો. ૧ થી ૫)	તમામ	૧	દિવ્યાંગજન (કેટેગરી-A)	શિક્ષણ વિભાગની પ્રવર્તમાન જોગવાઈઓ મુજબ + ટેટ-૧	૦૧
૭	આ.શા. ગારવણ, તા. ડોલવણ, જિ. તાપી	૧ થી ૫	વિદ્યા સહાયક (ધો. ૧ થી ૫)	તમામ	૧	દિવ્યાંગજન (કેટેગરી-A)	શિક્ષણ વિભાગની પ્રવર્તમાન જોગવાઈઓ મુજબ + ટેટ-૧	૦૧
૮	આ.શા. બોરખડી, તા. વ્યારા, જિ. તાપી	૧ થી ૫	વિદ્યા સહાયક (ધો. ૧ થી ૫)	તમામ	૧	દિવ્યાંગજન (કેટેગરી-A)	શિક્ષણ વિભાગની પ્રવર્તમાન જોગવાઈઓ મુજબ + ટેટ-૧	૦૧
૯	આ.શા. વાઝરડા, તા. સોનગઢ, જિ. તાપી	૧ થી ૫	વિદ્યા સહાયક (ધો. ૧ થી ૫)	તમામ	૧	દિવ્યાંગજન (કેટેગરી-A)	શિક્ષણ વિભાગની પ્રવર્તમાન જોગવાઈઓ મુજબ + ટેટ-૧	૦૧
૧૦	આ.શા. સરકુવા, તા. વ્યારા, જિ. તાપી	૧ થી ૫	વિદ્યા સહાયક (ધો. ૧ થી ૫)	તમામ	૧	દિવ્યાંગજન (કેટેગરી-A)	શિક્ષણ વિભાગની પ્રવર્તમાન જોગવાઈઓ મુજબ + ટેટ-૧	૦૧ / સંખ્યાધિક
૧૧	આ.શા. ગડત, તા. ડોલવણ, જિ. તાપી	૧ થી ૫	વિદ્યા સહાયક (ધો. ૧ થી ૫)	તમામ	૧	દિવ્યાંગજન (કેટેગરી-A)	શિક્ષણ વિભાગની પ્રવર્તમાન જોગવાઈઓ મુજબ + ટેટ-૧	૦૧
૧૨	ઉ.બુ.આ.શા. છિંડીયા, તા. વ્યારા, જિ. તાપી	ધોરણ ૯ થી ૧૦	શિક્ષણ સહાયક (ધો. ૯ થી ૧૦)	અંગ્રેજી	૧	દિવ્યાંગજન (કેટેગરી-A)	શિક્ષણ વિભાગની પ્રવર્તમાન જોગવાઈઓ મુજબ + ટાટ-૧,૨	૦૧
૧૩	ઉ.બુ.આ.શા. બેસાનિયા, તા. ડોલવણ, જિ. તાપી	ધોરણ ૯ થી ૧૦	શિક્ષણ સહાયક (ધો. ૯ થી ૧૦)	સામાજીક વિજ્ઞાન, ગુજરાતી	૧	દિવ્યાંગજન (કેટેગરી-A)	શિક્ષણ વિભાગની પ્રવર્તમાન જોગવાઈઓ મુજબ + ટાટ-૧,૨	૦૧
૧૪	ઉ.બુ.આ.શા. બેસાનિયા, તા. ડોલવણ, જિ. તાપી	ધોરણ ૧૧ થી ૧૨	શિક્ષણ સહાયક (ધો. ૧૧ થી ૧૨)	ગુજરાતી, હિંદી	૧	દિવ્યાંગજન (કેટેગરી-A)	શિક્ષણ વિભાગની પ્રવર્તમાન જોગવાઈઓ મુજબ + ટાટ-૨	૦૧

શરતોઃ

1) લાયકાતઃ ઉમેદવારની લાયકાત રાજ્ય સરકારશ્રી/શિક્ષણ વિભાગ દ્વારા વખતો-વખત નિયત કર્યા મુજબની રહેશે. નિયત લાયકાત તરીકે જરૂરી તમામ પરીક્ષાઓ તથા રાજ્ય સરકારશ્રી દ્વારા નિયત થયેલ સંબંધિત વિષયની TET-1/2 / TAT-1/2 પરીક્ષા અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં પાસ કરેલ હોવી જોઈશે.
2) શૈક્ષણિક અને તાલીમી લાયકાત અનુક્રમે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તથા નેશનલ કાઉન્સિલ ફોર ટીચર એજ્યુકેશન દ્વારા માન્ય સંસ્થામાંથી જ પાસ કરેલી હોવી જોઈશે.
3) ઉમેદવાર સરકારશ્રીએ ઠરાવ્યા પ્રમાણે કમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતા હોવા જોઇએ.
4) નિયત લાયકાત અંગેના તમામ દસ્તાવેજોની પ્રમાણિત નકલ અરજી સાથે સામેલ રાખવાની રહેશે.
5) ઉમેદવારે સા.વ.વિ.ના તા.૦૧/૧૨/૨૦૦૮ના પરિપત્રથી નિયત 'પરિશિષ્ટ-અ'ના નમુનામાં સરકારી હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ/સિવિલ સર્જન/મેડિકલ બોર્ડ દ્વારા આપવામાં આવેલ દિવ્યાંગતા અંગેનું જે-તે કેટેગરીના પ્રમાણપત્રની નકલ સામેલ રાખવાની રહેશે. તથા સા.વ.વિ.ના તા.૨૯/૦૨/૨૦૨૪ના પરિપત્ર મુજબ દિવ્યાંગતા પ્રમાણપત્ર સંબંધી સરકારશ્રીની વખતો-વખતની સૂચના/જોગવાઇ અનુસારનું દિવ્યાંગતા પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે. નિમણૂંક પામનાર ઉમેદવારનું દિવ્યાંગતાનું પ્રમાણપત્ર શંકાસ્પદ જણાશે તેવા સંજોગોમાં સક્ષમ અધિકારી પાસે તેની ખરાઇ કરાવવામાં આવશે અને રજૂ કરેલ પ્રમાણપત્ર ખોટુ જણાશે તો તેઓની નિમણૂંક મૂળ અસરથી રદ્દ કરવામાં આવશે.
6) દિવ્યાંગ અનામતમાં ફક્ત દિવ્યાંગતાને જ અનામત તરીકે ગણવામાં આવશે. તે સિવાય કોઇ લિંગ(સ્ત્રી/પુરુષ), જાતિ આધારિત (SC/ST/SEBC) કે આર્થિક અનામત(EWS)ને ધ્યાને લેવામાં/પ્રાધાન્ય આપવામાં આવશે નહીં.
7) સરકારી કર્મચારી અથવા સરકારશ્રીનું અનુદાન મેળવતા બોર્ડ/કોર્પોરેશન/સંસ્થાના કર્મચારીએ નિમણૂંક સત્તાધિકારીનું એન.ઓ.સી.(ના વાંધા પ્રમાણપત્ર) અરજી સાથે સામેલ કરવાનું રહેશે.
8) જે માર્કશીટમાં CGPA/CPI/Grade દર્શાવેલ હોય તેવા ઉમેદવારોએ યુનિવર્સિટી/કોલેજ પાસેથી કુલ ગુણ, મેળવેલ ગુણ અંગેનું કન્વર્ઝન કરેલ પ્રમાણપત્ર અરજી સાથે જોડવાનું રહેશે.
9) અરજીપત્રકમાં ઉમેદવારે પોતાનો મોબાઇલ નં. તથા ઇ-મેઇલ આઇ.ડી. અચૂકપણે દર્શાવવાનો રહેશે.
10) અરજી કરવા માટેનું સરનામુંઃ ગ્રામ સેવા સમાજ વ્યારા, ધુલીયા રોડ, વ્યારા, જિ. તાપી
11) ભરતી પ્રક્રિયાના કોઇપણ તબક્કે ઉમેદવાર દ્વારા આપેલ માહિતી/દસ્તાવેજો ખોટા માલુમ પડશે તો તેઓની તેની અરજી આપોઆપ અમાન્ય(રદ્દ)ગણાશે. નિમણૂંક મળ્યા બાદ પણ માહિતી/દસ્તાવેજો ખોટા માલુમ પડશે તો તેઓની નિમણૂંક મૂળ અસરથી રદ કરી તેઓની સામે નિયમાનુસારની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.
12) ભરતી સમિતિઃ ભરતી માટે જિલ્લા કક્ષાની પસંદગી સમિતિ આદિજાતિ વિકાસ વિભાગના તા.૦૧/૦૪/૨૦૨૬ના ઠરાવથી નિયત કર્યા મુજબની રહેશે. ઇન્ટરવ્યુ દરમિયાન પસંદગી સમિતિએ ઉમેદવારના પ્રમાણપત્રોની ચકાસણી કર્યા બાદ પસંદ થયેલ ઉમેદવારને સંબંધિત પ્રાયોજના વહીવટદારશ્રી/મદદનીશ કમિશનરશ્રી(તકેદારી) દ્વારા બહાલી મળ્યેથી સંસ્થા દ્વારા નિમણૂંક આપવામાં આવશે.
13) નિયમિત નિમણૂંક મળ્યા બાદ ઉમેદવારને સરકારશ્રીની નવવર્ધિત પેન્શન યોજનાનો લાભ મળવાપાત્ર થશે.
14) પગારધોરણઃ સરકારશ્રીની ફિક્સ પગારની નીતિ અનુસાર પાંચ વર્ષ માટે વિદ્યાસહાયકને રૂ.૨૬,૦૦૦/- પ્રતિ માસ, ધો.૯-૧૦ના શિક્ષણસહાયકને રૂ.૪૦,૮૦૦/- પ્રતિ માસ તથા ધો.૧૧-૧૨ના શિક્ષણસહાયકને રૂ.૪૯,૬૦૦/- પ્રતિ માસ ફિક્સ પગારથી નિમણૂંક આપવામાં આવશે. તેઓની સેવા સંતોષકારક જણાયેથી પાંચ વર્ષ બાદ નિયમિત પગારધોરણમાં સમાવવા વિચારણા માટે લેવામાં આવશે. નિયમિત નિમણૂંક મળ્યા બાદ ઉમેદવારને સરકારશ્રીની નવવર્ધિત પેન્શન યોજનાનો લાભ મળવાપાત્ર થશે. સેવા સંતોષકારક ન જણાતા પાંચ વર્ષ પહેલા પણ એક માસની નોટિસથી સેવાનો અંત લાવી શકાશે.
15) વયમર્યાદાઃ અરજી કરવાના આખરી દિવસે ઉમેદવારની વય સરકારશ્રીએ ઠરાવ્યા મુજબની વયમર્યાદામાં હોવી જોઈએ. વયમર્યાદામાં નિયમાનુસાર છૂટછાટ મળી શકશે.
16) નિમણૂંક પામતા ઉમેદવારોએ શાળા ખાતે ગૃહમાતા / ગૃહપતિ તરીકેની ફરજો બજાવવાની હોઈ પ્રત્યેક કર્મચારીએ આશ્રમશાળામાં ૨૪ કલાક સ્થળ પર રહેવું ફરજિયાત છે. તેઓને સંસ્થા તરફથી રહેઠાણની સુવિધા વિના મૂલ્યે પૂરી પાડવામાં આવશે. સ્થળ પર નિવાસ ન કરતા કર્મચારીને શિસ્તભંગ બદલ ફરજમાંથી છૂટા કરવામાં આવશે.
17) આદિજાતિ વિકાસ વિભાગ કે શિક્ષણ વિભાગે વખતો-વખત નિયત કરેલ શિક્ષણ અને શિસ્તવિષયક તથા અન્ય સામાન્ય નિયમોનું કર્મચારીએ પાલન કરવાનું રહેશે.
18) ક્રમ (૧, ૨ અને ૧૦) પરની આશ્રમશાળામાં દિવ્યાંગ વ્યક્તિની નિમણૂંક કરવા માટે સંબંધિત સંવર્ગમાં સિધી ભરતીના ફાળવાની જગ્યા ઉપલબ્ધ નથી પરંતુ સામાન્ય વહીવટ વિભાગના તા.૨૯/૦૧/૨૦૨૬ના પત્રની સૂચનાઓ મુજબ કરવાની થતી કાર્યવાહી સંબંધે જે સંબંધિત દિવ્યાંગની કેટેગરીના ઉમેદવાર ઉપલબ્ધ થાય તો તેઓને નિમણૂંક આપતા પહેલા સંખ્યાધિક(Supernumerary) જગ્યા ઉભી કરવા માટે સરકારશ્રીમાં દરખાસ્ત કરવામાં આવશે. જે અન્વયે સંખ્યાધિક (Supernumerary) જગ્યા ઉભી કરવા અંગે નાણા વિભાગની મંજૂરી મળ્યા બાદ દિવ્યાંગ ઉમેદવારની નિમણૂંકને બહાલી મળ્યા બાદ જ જે-તે ઉમેદવારની નિમણૂંક કરવાની રહેશે. સદર જાહેરાત નાણા વિભાગની મંજુરીને આધિન રહેશે.(સંખ્યાધિક(Supernumerary)જગ્યા ઉભી કરી કરવાની થતી ભરતીના કિસ્સામાં સદર શરતનો ઉલ્લેખ કરવાનો રહેશે.)

ઉપરોક્ત જાહેરાત અનુસાર લાયકાત ધરાવતા ઉમેદવારોએ તમામ પ્રમાણપત્રોની સ્વપ્રમાણિત નકલ તથા પાસપોર્ટ સાઈઝના બે ફોટા (જો વધારાની લાયકાત ધરાવતા હોય તો તે પણ) અરજી સાથે સામેલ રાખી તા.૨૮/૧૦/૨૦૨૬ પહેલાં ઉક્ત સરનામે મળી જાય તે રીતે ફક્ત રજિસ્ટર્ડ એ.ડી.(RPAD)થી જ અરજી મોકલવાની રહેશે. તે પછીથી મળેલ અરજીઓને ધ્યાને લેવામાં આવશે નહીં. અરજીના કવર પર લાલ પેનથી કઈ આશ્રમશાળા માટે અરજી કરેલ છે, તે દર્શાવવાનું રહેશે.૧(એક) થી વધુ આશ્રમશાળાઓમાં ઉમેદવારી નોંધાવવા માંગતા ઉમેદવારોએ દરેક આશ્રમશાળા માટે અલગ-અલગ કવરમાં અરજી કરવાની રહેશે. ઉમેદવારે અરજીની એક નકલ પ્રાયોજના વહીવટદારશ્રી, સોનગઢ,મુ.સોનગઢ, તા.સોનગઢ, જિ.તાપી. ને પણ મોકલવાની રહેશે.

તા.૧૩/૧૦/૨૦૨૬

પ્રમુખ/મંત્રી
ગ્રામ સેવા સમાજ વ્યારા,
મુ.વ્યારા, તા.વ્યારા, જિ.તાપી